આંદોલનકારીઓને નજરકેદ રખાયા...!

ખેડૂતોના પ્રશ્ને યોજાયેલી રેલી નિકળવા ન જ દેવાઈ...!

અડાલજ ચોકડી અને બાલવા ચોકડીથી પૂર્વ નાણામંત્રી, બે કોંગી ધારાસભ્યો સહિત ૧૧૫ની અટકાયત કરી મોડી સાંજે વાઈબ્રન્ટ કાર્યક્રમો પૂર્ણ થયા ત્યાં સુધી નજરકેદ રખાયા

ગાંધીનગર, તા.૧૧

ખેડૂતોનાં કેટલાંક ચિંતાજનક પડતર પ્રશ્નોને પગલે ખેડૂત આગેવાન તથા કોંગ્રેસના આગેવાનો દ્વારા વાઈબ્રન્ટ સમિટના પ્રથમ દિવસે જ વિરોધ પ્રદર્શન કરવા રેલી, ધરણા તથા દેખાવોના કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા હતા. આજે રવિવારે સવારે અડાલજ ચોકડીથી મહાત્મા મંદિર સુધી રેલી નિકાળવાનો કાર્યક્રમ ઘડાયો હતો. પરંતુ અડાલજ ચોકડી સુધી આગેવાનો-કાર્યકરો ભેગા થાય તે પહેલા જ અટકાયત કરવાનું શરુ કરવામાં આવ્યું હતું તે ઉપરાંત અડાલજ ચોકડી પહોંચી ગયેલા આગેવાનો-કાર્યકરોની પણ અટકાયત કરી લેવામાં આવી હતી. પોલીસે પૂર્વ નાણામંત્રી તથા બે કોંગી ધારાસભ્યો સહિત ૧૧૫ને અટકાયત કરી કરાઈ અકાદમી, માણસા પોલીસ સ્ટેશન સહિતના સ્થળોએ નજરકેદ કરી રાખ્યા હતાં. વાઈબ્રન્ટના મોડી સાંજ સુધીના તમામ કાર્યક્રમો પૂર્ણ થયા ત્યાં સુધી તે તમામને નજરકેદ રાખવામાં આવ્યા હતાં.

ખેડૂતો અને કોંગ્રેસ દ્વારા ખેડૂતોના પ્રશ્નોને પગલે અડાલજ ચોકડીથી મહાત્મા મંદિર સુધી રેલી કાઢી વિરોધ કરવાનું એલાન કરતાં પોલીસ ગઈ રાતથી જ દોડતી થઈ ગઈ હતી. વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના મહાનુભાવોની હાજરી વચ્ચે આ સરકારમાં ખેડૂતોની દયનીય સ્થિતિ છતી ન થઈ જાય તે માટે આંદોલન થાય જ નહીં તેવા પગલા લેવા આદેશો છુટી ગયા હતાં. ત્યારે આજે સવારે આંદોલન માટે વાહનો ભરી ભરીને અડાલજ ચોકડી તરફ આવતા ખેડૂત આગેવાનો કાર્યકરો તથા કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોને અટકાવી દવામાં આવ્યા હતા. માણસાના બાલવા ચોકડી પાસેથી તથા અડાલજ ચોકડી પાસેથી મહાત્મા મંદિર તરફ રેલી સ્વરુપે ખેડૂતો-કાર્યકરો કૂચ કરે તે પહેલા જ ડીટેઈન કરી લેવાયા હતાં. કોંગ્રેસના પૂર્વ નાણામંત્રી સનત મહેતા, માણસાના ધારાસભ્ય અમિત ચૌધરી, દહેગામ ધારાસભ્ય કામિનીબેન રાઠોડ સહિત ૧૧૫ આગેવાનો-કાર્યકરોની અટકાયત કલોલ ડીવીઝન પોલીસે કરી વિવિધ સ્થળે લઈ જવાયા હતાં. નરેન્દ્ર મોદીના તથા વાયબ્રન્ટ સમિટના કાર્યક્રમો પૂર્ણ ન થાય ત્યાં સુધી મોડી સાંજ સુધી તેમને નજર કેદ રાખવામાં આવ્યા હતાં.

પક્ષીઓને કાતિલ દોરીથી બચાવવા વિધાર્થીઓની રેલી

પક્ષીઓ પણ પર્યાવરણનું એક અંગ છે. માઉન્ટ કાર્મેલ શાળાની ઈકો કલબના વિધાર્થીઓ દ્વારા ઉત્તરાયણમાં સાંજે પક્ષીઓના માળામાં પરત ફરવાના સમયે પતંગ ન ચગાવવા અને પક્ષીઓને કાતિલ દોરીથી જીવ બચાવવા નગરજનોને અપીલ કરવા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિધાર્થીઓએ 'પક્ષી બચાવો' અમને પણ જીવવાનો અધિકાર છે. ''પતંગથી આનંદ તમને તો મોત કેમ અમને?'' જેવા સૂત્રો લખેલા બેનર્સ દ્વારા જનજાગૃત્તિ માટે અભિયાન હાથ ધર્યુ હતું.

ઉત્તરાયણમાં પવન સારો રહેશે, જાન્યુઆરી માસમાં ઠંડીના વધુ ચમકારા અનુભવાશે : અંબાલાલ પટેલ

ગાંધીનગરમાં હાલ રોજે રોજ ઠંડીમાં વધ-ઘટનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ આગામી દિવસોમાં હજુ વધારે પ્રમાણમાં કડકડતી ઠંડીના ચમકારા જોવા મળે તેવી જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલનું અનુમાન છે. તેમના મતે જાન્યુઆરી ૧૧ થી ૧૩ દરમ્યાન ઠંડા પવનો ફૂંકાશે અને ન્યૂનતમ પારો ઉત્તર ગુજરાતમાં ૧૦ ડિગ્રી સે. સુધી રહેવા પામશે. ૧૮મી જાન્યુઆરીથી હવામાનમાં પલટો આવે અને સાનુકૂળ પવનના કારણે ઉત્તરાયણમાં પતંગ રસિયાઓ ખૂબ મજા લૂંટી શકશે.

દેશના ઉત્તરીય પ્રદેશોમાં ભારે હીમવર્ષાના યોગો રહે, રાજસ્થાન, દિલ્હી, પુના, ગુજરાત, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, કાશ્મીર, આસામ, બંગાળ વિગેરે ભાગોમાં પવન સાથે કમૌસમી વરસાદ અથવા હીમવર્ષાની અસરની સાથે ઠંડનો વરસાદ રહેવા પામે તેમ છે. ધુમ્મસ સાથે ઝાકળ રહે અને તેની અસરો વર્તાય તેમજ કેટલાક ભાગોમાં તાપમાન શૂન્ય ડિગ્રી કરતા પણ નીચે રહેવા પામી શકે છે. જાન્યુઆરીની તા. ૧૬મી થી ૨૦ દરમ્યાન ઠંડા પવનો ફૂંકાશે અને પશ્ચિમી વિક્ષોપની અસરો આવતા વચ્ચે-વચ્ચે ન્યુનતમ તાપમાનમાં વધઘટ થવા છતાં પવનની અસરે ઠંડીના ચમકારા અનુભવાશે. ઉત્તર-મધ્યના ભાગોમાં ન્યૂનતમ તાપમાન ૧૪ ડિગ્રી સે. કે વધુ પણ થઈ શકે. તો કેટલાક ભાગોમાં વાદળોની અસરો થતા ન્યૂનતમ તાપમાન ૧૦ ડિગ્રી સે. થી પણ નીચુ આવી શકે છે. જાન્યુઆરી તા. ૨૫ મી સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની અસરો રહેતા પશ્ચિમી ક્ષેત્રોમાં હવામાન કથળી જવાના યોગો બને. કમૌશમી વરસાદ તેમજ ગાત્રો થીજવતી ઠંડીના અસરો માનવીઓ તેમજ ઈતર પ્રાણીઓ ઉપરાંત ઉભા કૃષિ પાકોમાં પણ જોવા મળી શકે છે. આ આગાહી ભૂ-ભૌગોલિક બાબતો તેમજ નક્ષત્ર-નાડીના આધારે જણાવેલ છે જે ઉત્પાત સંબંધી નથી.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં શહેનાઝ હૂસૈન ફોર્મ્યુલેશન્સ અને ઈનોવેશન્સ રજૂ કરશે

અમદાવાદ, તા. ૧૧

આયુર્વેદિક બ્યુટી અને હેલ્થકેર ક્ષેત્રે અગ્રણી શહેનાઝ હૂસૈનને ગાંધીનગરમાં ૭ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી ત્રણ અત્યંત પ્રતિષ્ઠીત ઈવેન્ટ્સમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું છે. આમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેઓ ફિક્કી દ્વારા આયોજીત ગ્લોબલ ઈનોવેશન એક્સ્પો : આયુર્વેદ વર્લ્ડ એક્સ્પોમાં ભાગ લેશે. ૯ જાન્યુઆરીએ પૂરા થયેલા પ્રવાસી ભારતીય દિવસમાં પણ તેમણે ભાગ લીધો હતો.

ફિક્કીએ ગ્લોબલ ઈનોવેશન એક્સ્પો : આયુર્વેદ વર્લ્ડ એક્સ્પોનું આયોજન કર્યુ છે. ગુજરાત સરકારનું ફોક્સ સર્વસમાવેશી વિકાસ છે અને તેનાં મુખ્ય ક્ષેત્રો છે નવીનીકરણ, સાતત્યતા, યુવા અને કુશળતા વિકાસ, જ્ઞાન વહેંચણી અને નેટવર્કિંગ, પોતાની ઈનોવેશન અને પ્રોડક્ટસ બતાવવા માટે આ આદર્શ મંચ છે. શહેનાઝ હૂસૈન ભારત સરકારના ઓવરસીઝ ઈન્ડિયન અફેર્સ મંત્રાલય દ્વારા યોજાઈ ગયેલા પ્રવાસી ભારતીય દિનમાં પણ તેમણે ભાગ લીધો હતો. આયુર્વેદિક ઈનોવેશન્સ અને વોકેશનલ ટ્રેઈનિંગ દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ માટે જાણીતું ધ શહેનાઝ હૂસૈન ગ્રુપ આ તમા ફોર્મ્યુલેશન્સ અને ઈનોવેશન્સ પ્રદર્શિત કરશે.

ચિલોડા પાસેથી દારૂ ભરેલી બેગ સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે બસ સ્ટેન્ડે એક શખ્સ દારૂની બોટલો ભરેલી બેગ સાથે ઉભો હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારના શખ્સની ૨૦ બોટલ સાથે ધરપકડ કરી લીધી હતી. ઘાટલોડીયાનો શખ્સ ઈડર પાસેથી દારૂ ભરીને અમદાવાદ લઈ જઈ રહ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે.

ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે સર્કલ નજીક ગાંધીનગર તરફ જવાના બસ સ્ટેન્ડ પાસે એક શખ્સ દારૂના જથ્થા સાથે ઉભો છે. જેના આધારે પોલીસે અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારના મુકેશ નારણ દેસાઈ નામના શખ્સની બ્લેક બેગ સાથે ધરપકડ કરી લીધી છે. મુકેશ દેસાઈની બેગમાંથી રૂ. ૮ હજારની કિંમતની ૨૦ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ કરતાં ઈડરથી માલ લાવીને અમદાવાદ લઈ જઈ રહ્યો હોવાની કેફીયત આવી છે. પીએસઆઈ જે.બી. ચાવડાએ વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરના સેકટર-૧૪માં બીપીએસ સ્વામિનારાયણ મંડળ દ્વારા શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે શિયાળાની ઋતુમાં આ શાકોત્સવ યોજવામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમમાં મહિલા નિરીક્ષક, મંડળ સંચાલક, સંપર્ક કાર્યકર અનેમહિલા હરિભકતો દ્વારા સાથે મળીને ૬૦ મણ રીંગણા અને ૨૦ મણ ઘીના ઉપયોગ કરી રોટલા, માખણ, ગોળ, જલેબી, મૂળા અને છાશ સાથે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાર્થના-ભજન-કિર્તન પણ યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહિલા નિરીક્ષક રમીલાબેન પટેલ, મંડળ સંચાલક રંજનબેન પટેલ, સંપર્ક કાર્યકર નીતાબેન મોદી, અંજુબેન, ભારતીબેન, સોનલબેન, બાલિકા કાર્યકર રીટાબેન, ઉષાબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી. અક્ષરધામ મહિલા મંડળના મીનાક્ષીબેન પટેલ અને નીતાબેન રાવલે પ્રવચન કર્યા હતા. આ શાકોત્સવમાં કાર્યક્રમનું સંચાલન ઉષાબેન ચૌહાણે કર્યું હતું અને મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ : ૩૦૦ વાહનોને રીફલેકટર્સ લગાવાયા

આજે આર.ટી.ઓ.માં વાહન નોંધણી માટે આવતા ચાલકોની આંખ તપાસવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહના પ્રારંભે ૩૦૦થી વધુ વાહનોને રીફલેકટર્સ લગાવાયા હતા. સે-૩૦ સર્કલ પાસે વાહનોને રીફલેકટર્સ લગાવવા અભિયાન હાથ ધરાયું હતું. આ ઉપરાંત શહેરમાં માર્ગ સલામતી અન્વયે જનજાગૃતિ કેળવાય તેવા આશયથી બેનર્સ પણ લગાવાયા હતા.

ગાંધીનગરમાં પણ મેગાસીટીની જેમ દિનપ્રતિદિન ટ્રાફીકનું ભારણ વધતું જાય છે. ગતિ નિયંત્રણ અને ટ્રાફીક નિયમનના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનોના લીધે પૈડા પરની જિન્દગી જોખમી બની છે. અકસ્માત અને મૃત્યુ આંકનું પ્રમાણ વધ્યું છે. જેના ભાગરૂપે પ્રતિવર્ષ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આમ નાગરિકોમાં ટ્રાફીકના નિયમો અંગે જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો હાથ ધરાય છે. શહેર વસાહત મહામંડળ અને આર.ટી.ઓ. કચેરીના સંયુકત ઉપક્રમે આજે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના પ્રારંભે સે-૩૦ સર્કલ પાસે ૩૦૦ જેટલા વાહનોને રીફલેકટર્સ લગાવવામાં આવ્યા હતા. આ તબક્કે એ.આર.ટી.ઓ. ઋત્વીકા દાણી, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, સુધીર દેસાઈ, કશ્યપ મહેતા, નિલેન્દુ વોરા, કીશોર જીકાદરા, સિવિલ ડીફેન્સના કૌશલ જાની અને અંજના નિમાવત ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન નગરના વિવિધ માર્ગો પર માર્ગ સલામતી અંગેના બેનર્સ પણ મુકવામાં આવ્યા હતા. સોમવારે આર.ટી.ઓ. કચેરી ખાતે વાહનચાલકો માટે ડાયાબીટીસ અને આઈ-ચેક અપ કેમ્પ યોજવામાં આવશે. વાહનોની નોંધણી અર્થે આવતા મુલાકાતીઓની આંખ તપાસવામાં આવશે.

અખિલ હિન્દ મહિલા પરિષદની વેસ્ટ ઝોનની ઝોનલ કોન્ફરન્સ યોજાઈ

મહિલાઓની નિર્ણય પ્રક્રિયામાં હિસ્સેદારી જરૂરી : વીણા કોહલી : જેન્ડર ઈક્વીલીટી ધરાવતા દેશો વધુ પ્રગતિ કરે છે : ડૉ. ભાવના જોશીપુરા : ૯૧ વર્ષીય બિન નિવાસી ભારતીય મહિલા વીણાબેન ગાંધી ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧૧

અખિલ હિન્દ મહિલા પરિષદના વેસ્ટ ઝોન-બી ની ઝોનલ કોન્ફરન્સનું આયોજન આજે રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. જામ ટાવર સ્થિત મહિલા પરિષદ સંકુલ ખાતે યોજાયેલ આ કોન્ફરન્સમાં રાજ્યની ૧૪૦ થી વધુ શાખાઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં ૯૧ વર્ષીય બીન નિવાસી ભારતીય વીણાબેન ગાંધી આકર્ષણ બન્યા હતા.

આ કોન્ફરન્સમાં કડવીભાઈ વિદ્યાલયની બાળાઓના બેન્ડની સુરાવલીઓ વચ્ચે પરીષદના રાષ્ટ્રીય અધ્યક્ષ વીણા કોહલી, મહામંત્રી આશા ગંભીર, રાજકોટ શહેરના મેયર રક્ષાબેન બોળીયા, મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટ્યુટના ઉપાધ્યક્ષ અને રાષ્ટ્રીય મજદૂર અગ્રણી હસમુખભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સ રાજકોટના પૂર્વ પ્રથમ મહિલા મેયર ડૉ. ભાવના જોશીપુરાએ મહિલા પરિષદનો વેસ્ટ ઝોનના ઝોનલ ઓર્ગેનાઈઝર બન્યા પછી કર્યુ છે. આ કાર્યક્રમમાં પીઠ મહિલા અગ્રણી અને રાજકોટ શહેર પ્રમુખ મનોહરબા વાળાએ તમામ લોકોનું સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ૯૧ વર્ષીય બિનનિવાસી ભારતીય મહિલા વીણાબેન ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. જેઓ આ વયે પણ ૬ માસ અમેરિકામાં રહી બે જગ્યાએ નોકરી કરી તેમાંથી કમાયેલા નાણાંને પરિષદની મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓમાં વાપરે છે. આ કોન્ફરન્સમાં વીણા કોહલીએ આર્થિક, સામાજીક અને રાજનૈતિક સશક્તિકરણ માટે મહિલાઓના નિર્ણયની પ્રક્રિયામાં હિસ્સેદારીને પ્રાધાન્ય આપવાનો નિર્ધાર જાહેર કર્યો હતો. ડૉ. ભાવના જોશીપુરાએ જે દેશોમાં જેન્ડર ઈક્વીલીટી છે તે દેશો વધુ પ્રગતિ કરે છે તેવી ટકોર કરતા કતૃત્વ-નેતૃત્વ અને તંદુરસ્ત માતૃત્વનો ત્રિગુણી મંત્ર આપ્યો હતો.

આ કોન્ફરન્સમાં મહિલા જાગૃતિ અંગેનો આકર્ષક ટેબ્લો રજુ કરાયો હતો. જેમાં નારી શક્તિ, માતૃત્વ, કતૃત્વ અને નેતૃત્વના ત્રિવિધ ગુણો પ્રદર્શિત કરાયા હતા. આ કોન્ફરન્સમાં પરિષદના તમામ મહિલા હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સિધ્ધાર્થ લૉ કોલેજમાં વિવિધ ડે ઉજવાયા

ગાંધીનગરની સે-૧ ૬માં આવેલ સિધ્ધાર્થ લૉ કોલેજમાં તા. ૫મીથી ૯મી જાન્યુઆરી દરમિયાન વિવિધ ડે જેવા કે વિશ્વ શાંતિ દિવસ, સ્પોર્ટ ડે, પર્યાવરણ દિન, બ્લેક એન્ડ વ્હાઈટ ડે, એકઝીકયુટીવ ડે વગેરેની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં કોલેજના વિદ્યાર્થીઓ હર્ષભેર જોડાયા હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૨

તાપમાન

મહત્તમ : ૨૯.૪ ડિ.સે.
લઘુત્તમ : ૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,
: સ્ક્રીન-૩ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પી.કે. : ૧.૦૦, ૭.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦
બે યાર (ગુજરાતી) : ૫.૫૫
: સ્ક્રીન-૪ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦
પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સિંઘમ રિટર્ન્સ : ૨.૦૦
ટેકન (અંગ્રેજી) : ૧૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
તેવર : ૧૦.૦૦
પી.કે. : ૧૨.૪૫
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
તેવર : ૧૧.૦૦
પી.કે. : ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

આપની આજ

મેષ : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

વૃષભ : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

કર્ક : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

સિંહ : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

કન્યા : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

તુલા : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

વૃશ્ચિક : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મકર : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

મીન : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

● સ્વ. લક્ષ્મીબેન રવજીજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ. મોટા ચીલોડા, તા.જી. ગાંધીનગર